મે. રાજકોટના સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની મ્યુનિસીપલ કોર્ટમાં,

ક્રીમી. કેસ નં–૩૭૩૫૩/૨૦૨૫

આંક –

ફરીયાદી – નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી – ૧.સાગર કનુભાઈ મકવાણા
૨.રઘુભાઈ રામભાઈ ટારીયા
૩.કીરીટ કરશનભાઈ સોલંકી
રહે.રાજકોટ

ગુનો – ગુજરાત જુગારધારા પ્રતિબંધની કલમ–૧૨ મુજબ...

–ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીઓ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર જગ્યાએ પાસ પરમીટ વગર જુગાર રમતા–રમાડતા મળી આવી જુગારધારાની ક.–૧૨ મુજબનો ગુનો કરેલ. જેની ફરીયાદ થતા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. અમુક આરોપીઓ હાજર થતા તેઓને નકલો આપવામાં આવેલ હતી. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓના સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ હોય જેથી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં પણ ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આરોપીઓને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત આરોપીએ કરેલ ગુના માટે ત્રણસો રૂપીયા સુધીના દંડની અને ત્રણ મહિના સુધીની કેદ એમ બન્ને શિક્ષાની જોગવાય છે. જેનો મતલબ કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ૩ મહિના અને એક રૂપીયા થી રૂ.૩૦૦/– સુધી આમ બન્ને સજા થઇ શકે તેમ છે. જેથી કલમમાં જણાવેલ સજા અને ના. ગુજરાત હાઇકોર્ટનો નટવર હરચંદજીનો ચુકાદો ધ્યાને લેતા આરોપીઓને નીચે મુજબની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// હુકમ ///

આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ જુગારાધારા પ્રતિબંધ ની ક.૧૨ મુજબનો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. પ્રત્યેક આરોપીને સદર ગુનો કરવા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૪૦૦/–મળી કુલ રૂ.૧૨૦૦(અંકે રૂપિયા એક હજાર બસો પુરા) દંડ કરવામાં આવે છે. જો કોઇ આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર કામે જો બિનકિંમતી મુદ્દામાલ હોય તો તેનો નિયમ મુજબ નાશ કરવો અને રોકડ સરકારમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૩–૯–૨૦૨૫
સ્થળઃ રાજકોટ.

(કમલેશકુમાર રમેશભાઇ ગાગનાણી)
જ્યુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.,
મ્યુનિસિપલ કોર્ટ, રાજકોટ.